## ॥ ॐ શ્રી સાઈરામ ॥

## ॥ ॐ શ્રી સાઈ સિદ્ધસંકલ્પાય નમ: ॥ (૮૭)

## જેમનો દૈવી સંકલ્પ તત્કાળ સિદ્ધ થાય છે એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

પોતાની કૃપાના સ્વરૂપ તરીકે સ્વામી વિભૂતિ અથવા અન્ય વસ્તુઓ ઉદ્ભવ કરે છે. આ પ્રક્રિયાને સ્વામી સંકલ્પ સિદ્ધિ એમ કહે છે.

અર્થાત્ સ્વામીના કેવલ સંકલ્પ માત્રથી આવી વસ્તુઓ નિર્માણ થાય છે. કેવળ વસ્તુ જ નહીં પરંતુ અનેક વસ્તુ પણ સ્વામીના આવા સંકલ્પથી નિર્માણ થયેલી આપણે જોઈએ છીએ. પ્રશાંતિનિલયમ, ધર્મક્ષેત્ર, શિવમ્, ત્રયીવૃદાંવન, અનેક શાળાઓ, મહાવિદ્યાલય, હોસ્પિટલ્સ, વિદ્યાપીઠની ઈમારત, હિલ વ્યું સ્ટેડિયમ તેમજ ત્યાંની પ્રચંડ આકારની મૂર્તિઓ, વસ્તુ સંગ્રહાલય, તારાંગણ, પૂર્ણચંદ્ર અને સાઈકુલવંત સભાગૃહો, સર્વધર્મ ઐક્ય સ્તંભ આ બધું સ્વામીએ સંકલ્પ કર્યા મુજબ નિયત સમયમાં અને અલ્પાવધિમાં જ નિર્માણ થયાં. એટલું જ નહીં, પણ તેમાં ચાલનારા કાર્ય પછી તે વિદ્યાપીઠ હોય, હોસ્પિટલ હોય અથવા પાણી પ્રકલ્પ હોય અત્યંત સરળતાથી પૂર્ણ કાર્યક્ષમતાથી ચાલુ છે.

આ બધું થાય છે તે કેવળ સ્વામીના દૈવી સંકલ્પને લીધે જ. આ બાબત સ્વામીને ઘણા સમય પહેલાં જ કેટલાક પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા.

પ્રશ્ન - ચમત્કાર એ કઈ શક્તિ છે?

સ્વામી - ચમત્કાર (મિરેકલ) આ નામાભિધાન ખોટું છે. જે શક્તિ છે જ, સદૈવ છે જ, તે શક્તિને ચમત્કાર કેમ કહેવાય? પરંતુ નામાભિધાન ખોટું હોય તો પણ તમારો પ્રશ્ન મને સમજાયો. જેને તમે ચમત્કાર કહો છો તે 'દેવશક્તિ' છે. આ શક્તિ સાગર જેવી વિશાળ અને સમાપ્ત ન થનારી છે. જેને જોઈએ તેણે પોતપોતાના વાસણમાં સાગરમાંથી આવશ્યકતાનુસાર તેટલું પાણી લઇ જવું.

હવે હું જે વસ્તુ નિર્માણ કરું છું, જેને તમે ચમત્કાર કહો છો, તે કાંઈ મારી શક્તિનું પ્રદર્શન નથી. પ્રદર્શન લોકો પર છાપ પાડવા માટે હોય છે, પરંતુ મારા મનના સંકલ્પ સાથે જ વસ્તુસિદ્ધ (સાક્ષાત) થાય છે. તેમાં સહજતા છે, યદ્.ભાવં તદ્ ભવતિ - મનમાં જે આવે તે સિદ્ધ થાય છે અને વસ્તુ, સંકલ્પ થયા બરાબર હાથમાં આવે છે.

પ્રશ્ન:- આ દિવ્ય શક્તિ આપને ક્યા વર્ષે પ્રાપ્ત થઇ?

સ્વામી:- જન્મતાંથી જ ! તેના પણ પહેલાંથી

“મારો જન્મ મેં જ લીધો. મારી માતા મેં જ પસંદ કરી. આયુષ્યમાં માણસો ફક્ત પતિ અથવા પત્નીને પસંદ કરી શકે છે. માતાને પસંદ કરી શકતા નથી. પરંતુ, મારી માતા મેં જ પસંદ કરી અને જન્મ પૂર્વેથી જ મારી આ પ્રેમમય દષ્ટિ અને દિવ્ય શક્તિ કાયમ છે. શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પોતાની માતા પોતે જ પસંદ કરી. તેમણે લોકોની સેવા કરી, સેવા માટે કૃષ્ણ સારથિ પણ થયા."

ડૉ. ભગવંતમ્ એ આપણા દેશના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને સ્વામીના નિષ્ઠાવાન ભક્ત છે. તેમને એકવાર નાઇજિરિયાના એકામાં એક વિજ્ઞાન પરિષદ (મહાસભા) માં ઉપસ્થિત રહેવાનું હતું. તે વખતે સ્વામીએ તેમને કહ્યું કે, " ‘અરુશાં' જઈ ને ડૉ. ગઢિયા નામના મારા ભક્તને મળ."

નક્કી થયા મુજબ ડૉ. ભગવંતમ્ ‘અરૂશાં' પહોંચ્યા તે વખતે ત્યાં ઉપસ્થિત ભક્તોએ ડૉ. ભગવંતને પૂછ્યું, ‘અમને સ્વામીના ચમત્કાર વિશે કાંઈ કહેશો?" ત્યારે ડૉ. ભગવંતમ્ બોલ્યા, ‘પ્રશાંતિનિલયમથી હજારો કિલોમીટર દૂર હું જે ' ૐ શ્રી સત્યસાઈ ડિસ્પેન્સરી’ તેમજ ‘સાઈનિલયમ’ જોઉં છું તેનાથી મોટો ચમત્કાર શું હોઈ શકે?" આ વિધાનનું સ્પષ્ટીકરણ કરતા તે બોલ્યા - 'ભકતોમાં પરિવર્તન લાવવું આ જ સ્વામીનો સિદ્ધ સંકલ્પ છે."

એકવાર સ્વામી શ્રી. એન.કસ્તુરીને બોલ્યા - 'વિધાર્થીએ આખું વર્ષ જો અભ્યાસ ન કર્યો હોય તો પરીક્ષામાં શૂન્ય જ મળવાનું છે. તેથી જેવી રીતે સર્વત્ર કષ્ટ આવશ્યક છે. તેવી જ રીતે સાધના માટે પણ પરિધમ આવશ્યક છે. તમારો જો સંકલ્પ (સાધના, પ્રયત્ન) નહીં હોય તો સ્વામીની સિદ્ધિ શું કરશે?

**|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||**